Research Review
ISSN: 2321-4708
RESEARCH REVIEW
The Academic Research Issue
Open Access, Peer-Reviewed & Refereed Journal
An International Multidisciplinary Journal
Vol.1, Issue: 152, April: 2025
Paper ID: RRJ207787
www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-1-issue-152-april-2025/RRJ207787

# સંસ્કૃત વાંઙ્મયના પ્રસારમાં ગુજરાતની સંસ્થાઓનો પ્રયાસ

લેખક
શેખ આશિયાનાબાનું અબ્દુલકૈયુમ
પીએચ.ડી. સ્કોલર (સંસ્કૃત)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

**પ્રસ્તાવના:**

વૈદિક કાળથી લઈ આજ દિન સુધી સંસ્કૃત ભાષા લોકો સાથે જોડાયેલી રહી છે. સંસ્કૃત ભાષા એ જ્ઞાનનો અનુપમ ભંડાર છે. જે ભારતીય પરંપરાનો વારસો વહન કરે છે. ટેકનોલોજીના આ સમયમાં પણ સંસ્કૃત ભાષા, સંસ્કૃત ભાષાનું સાહિત્ય પોતાનું આગવું સ્થાન ધરાવે છે. અનેક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ સંસ્કૃતના વિસ્તાર માટે અનેક પ્રયત્નો કરી રહી છે. દેશ વિદેશમાં પણ સંસ્કૃત ભાષાનો વિસ્તૃત વિકાસ, સંશોધનો મોટા પાયે થઈ રહ્યો છે. ભારતની અનેક વિશ્વ વિદ્યાલયો, કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયો, સંસ્થાઓ, રિસર્ચ સેન્ટરો, સંસ્કૃત બોર્ડ/ સમિતિઓ વગેરે સંસ્કૃતના વિસ્તાર માટે અનેક પ્રકારના અભ્યાસક્રમો, અનેક પ્રવૃત્તિઓ, સંશોધન કાર્યો. નાના મોટા પાયે ઓનલાઈન, ઓફલાઈન મોડમાં ચલાવી રહ્યાં છે.

ગુજરાતની વાત કરીએ તો સંસ્કૃત બોર્ડ, પ્રમુખ યુનિવર્સીટીઓ, રિસર્ચ સેન્ટરો, સંસ્કૃત ભારતી, સંસ્કૃત અખબાર વગેરે સંસ્કૃત વાંઙ્મયમાં સંશોધનનું કાર્ય, તેનાં વિસ્તારનું કાર્ય કરી રહી છે. ગુજરાતની કેટલીક યુનિવર્સિટીમાં પ્રત્યક્ષ અને દૂરસ્થ એમ બંને પ્રકારે શિક્ષણ કાર્ય થઈ રહ્યું છે. જેના વિશે કેટલીક માહિતી આ મુજબ છે –

**દૂરસ્થ શિક્ષા:**

દૂરસ્થ શિક્ષા એ વિકાસશીલ પારંપરિક કક્ષા શિક્ષણનો એક વિકલ્પ છે. દૂરસ્થ શિક્ષા ( distance education ) એટલે શિક્ષણ પ્રદાન કરનાર સ્થાનોથી દૂર રહી, કે પછી શિક્ષણ પ્રદાન કરનાર સ્થાન પર ન પહોંચનારને નિયત કરેલ પાઠ્યક્રમો અને સમય મર્યાદામાં આપતું શિક્ષણ.

દૂરસ્થ શિક્ષા સમય અને સ્થાનની બાધાઓથી મુક્ત એક પ્રણાલી છે. જે લોકો અધ્યયન/ અભ્યાસની સુવિધાના અભાવે અભ્યાસ નથી કરી શક્યા, શ્રમિક વર્ગ અને ગૃહિણીઓ જે આગળ અભ્યાસ કરવા માંગે છે તેઓ સર્વે પોતાની સુવિધા અનુસાર દૂરસ્થ શિક્ષા મેળવી શકે છે.

દૂરસ્થ શિક્ષાનું બીજું પાસું જે પ્રૌઢ શિક્ષણ તરીકે પણ જાણીતું છે. જ્યારે લોકો ટેકનોલોજીનો ખૂબ ઓછો પ્રયોગ કરી રહ્યા હતા ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા વૃદ્ધો, અભણ સ્ત્રીઓને તેમના ઘરે કે જે તે વિસ્તાર માં જઈ શિક્ષણ આપવામાં આવતું હતું. આજે તે પ્રૌઢ શિક્ષણનું ફક્ત માળખું જ બદલાયું છે, જે હવે ઓનલાઈન / ઓફ્લાઈન મોડમાં આપવામાં આવે છે.

**દૂરસ્થ શિક્ષાના હેતુઓ/ લાક્ષણિકતાઓ:**

→ દૂરસ્થ શિક્ષા ઓછા સમયમાં અને સંસાધનોમાં ઉચ્ચ શિક્ષા પ્રદાન કરે છે.
→ આ એક બહુ આયામી શિક્ષા પ્રણાલી છે.
→ દૂરસ્થ શિક્ષાના પાઠ્યક્રમની સામગ્રી સોફ્ટ કોપી કે વિડિયો વ્યાખ્યા દ્વાર પ્રાપ્ત થતી હોય છે.

**સંસ્કૃત ભાષામાં દૂરસ્થ શિક્ષાનો મુખ્ય ઉદ્દેશ્ય:**

→ સંસ્કૃત ભાષાનો/ સંસ્કૃત સાહિત્યનો વિસ્તાર કરવો.
→ શિક્ષાર્થીઓને સંસ્કૃત ભાષામાં ઉત્કૃષ્ટતા પ્રદાન કરવી.
→ ઓછા ખર્ચે વધુ સુવિધાઓ સાથે વિધાર્થીઓને સંસ્કૃત ભાષાનું શિક્ષણ પ્રદાન કરવું.

**દૂરસ્થ શિક્ષણની મર્યાદાઓ:**

દૂરસ્થ શિક્ષણની સૌથી મોટી મર્યાદા એ છે કે, પ્રાચીન કાળમાં પણ જ્યારે સંસ્કૃતનો અભ્યાસ કરવામાં આવતો, ત્યારે ગુરુ અને શિષ્ય એકબીજાની પ્રત્યક્ષ બેસતા. વર્ગખંડોમાં પણ વિદ્યાર્થી અને શિક્ષક બંને પ્રત્યક્ષ હોય છે, જેનાથી શીખવનાર અને

RESEARCH REVIEW
The Academic Research Issue
Open Access, Peer-Reviewed & Refereed Journal
An International Multidisciplinary Journal
ISSN: 2321-4708
Vol.1, Issue: 152, April: 2025
Paper ID: RRJ207787
www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-1-issue-152-april-2025/RRJ207787

શીખનાર વચ્ચે સંવાદો ખૂબ થાય છે અને શિક્ષણકાર્ય ખુબ સરળતાથી થઈ શકે છે જ્યારે દૂરસ્થ શિક્ષણની વાત કરીએ ત્યારે આ ગુરુ શિષ્યના પ્રત્યેક સંવાદ થતો જ નથી તે ખૂબ મોટી મર્યાદા છે. સંસ્કૃત ભાષાનું શિક્ષણ જેટલું પ્રત્યક્ષ થઈ શકે તે દૂરસ્થ શિક્ષણમાં નેટવર્ક, પ્રત્યાયન, પ્રત્યક્ષ ચર્ચા વગેરેના અભાવના લીધે યોગ્ય પ્રમાણમાં થઈ શકતું નથી.

જે લોકો/ વિદ્યાર્થીઓ ખરેખર વર્ગખંડમાં જઈ શિક્ષણ નથી મેળવી શકતા તેવા વિદ્યાર્થીઓ માટે દૂરસ્થ શિક્ષણ દ્વારા સંસ્કૃત સાહિત્યનું શિક્ષણ આપી શકાય છે.

**દૂરસ્થ શિક્ષણ આપતી સંસ્થાઓ:**

**શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય**

ગુજરાતમાં જો સંસ્કૃત સાહિત્યની વાત કરતા હોઈએ અથવા તો સંસ્કૃતનું જ્ઞાન આપતી કોઈ એવી શૈક્ષણિક સંસ્થા હોય તો તે એકમાત્ર સંસ્કૃત યુનિવર્સિટી એટલે કે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી.

જ્યારે આપણે સંસ્કૃત સાહિત્યના વિસ્તારની વાત કરતા હોઈએ ત્યારે સંસ્કૃતના વિસ્તાર માટે ગુજરાતમાં 4/1/ 2004 ના રોજ યુનિવર્સિટીની સ્થાપના સંસ્કૃત પ્રદાન કરવા માટે અને સંસ્કૃત ગ્રંથો તથા સાહિત્ય વિષયમાં રસપ્રદ અભ્યાસની સિસ્ટમ પ્રદાન કરવા માટે થઈ. આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્યના કોઈપણ વિસ્તારમાં કોર્સ સેન્ટર કોલેજ અથવા સંશોધન સંસ્થાઓ શરૂ કરવાનું છે.

ગુજરાતમાં આપણને અનેક જગ્યાએ સંસ્કૃત ગુરુકુળો / પાઠશાળાઓ જોવા મળશે, સોમનાથ સંસ્કૃતિ યુનિવર્સિટી આ ગુરુકુળો / પાઠશાળાઓ સાથે અને રાજ્યની અનેક કોલેજો સંસ્થાઓ સાથે જોડાયેલ છે. જે લોકો સંસ્કૃત ભણવા ઈચ્છતા હોય પરંતુ યુનિવર્સિટીમાં જઈ શકતા નથી તેવા લોકો માટે યુનિવર્સિટી દ્વારા કેટલાક ઓનલાઇન ઓફલાઈન અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા. જે સંસ્કૃત સાહિત્યનો વિસ્તાર કરી રહ્યા છે. ખાસ કરીને જોઈએ તો કોરોના કાળ દરમિયાનથી અત્યાર સુધી આ યુનિવર્સિટીમાં અનેક શોર્ટ ટર્મ ઓનલાઇન કોર્સ, ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવ્યા, જેમાં ગુજરાત અને ગુજરાત બહારના પણ ઘણા લોકો સહભાગી થયા. આ યુનિવર્સિટીમાં સંસ્કૃત સાહિત્યના અલગ અલગ પાસાઓ એટલે કે વેદ, વેદાંગ, દર્શન, સાહિત્ય, વ્યાકરણ, જ્યોતિષ, પુરાણ, યોગ ઈત્યાદિ લક્ષી વિવિધ અભ્યાસક્રમો યુજી અને પીજી લેવલે ચલાવવામાં આવી રહ્યા છે. કર્મકાંડ, જ્યોતિષ, સાહિત્ય વગેરેને લગતા વિષયોના આધારે વિશિષ્ટ અભ્યાસક્રમો તૈયાર કરી દૂરસ્થ શિક્ષણ માટે ઓનલાઇન કૉર્સ ઉભા કર્યા. આ ઉપરાંત ઓફલાઇન પણ કેટલાક કોર્સ યુનિવર્સિટી અને તેને સંલગ્ન ગુજરાતભરની કેટલીક કોલેજોમાં પણ આવા ડિપ્લોમા કોર્સિસ શરૂ કરવામાં આવ્યા છે. આ યુનિવર્સિટીનાં ગ્રંથાલયમાં હસ્તપ્રતો અને પુરાતનીય પુસ્તકોની જાળવણી અને ડીઝીટાઈઝેશન કરવામાં આવી રહ્યું છે, જે તમામ સંસ્કૃત જગતના વિદ્વાનો અને સંસ્કૃત અનુરાગીઓને ઉપયોગી થશે.

**સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં ચાલતા કેટલાક ડિપ્લોમા કોર્સિસ:**

→ रघुवंशमहाकाव्यं सर्ग -२ कथं पठेम
→ किरातार्जुनीयम् प्रथम सर्ग आदर्शपद्धत्याः पठेम
→ सस्वर सव्याख्या कर्मकाण्डिय मन्त्राभ्यास
→ ડિપ્લોમા ઈન કર્મકાંડ
→ ડિપ્લોમા ઈન વાસ્તુશાસ્ત્ર
→ ડિપ્લોમા ઈન મંદિર વ્યવસ્થાપન
→ ડિપ્લોમા ઈન સંસ્કૃત લેન્ગ્વેજ

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી:**

મહારાજા સયાજીરાવના પૌત્ર સર પ્રતાપસિંહરાવ ગાયકવાડ જેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના કરી અને બરોડા રાજ્યના લોકોને શિક્ષણ પ્રાપ્ત કરવાની ઉત્તમ સુવિધા આપી. એમએસ યુનિવર્સિટી ગુજરાતની પ્રમુખ વિખ્યાત યુનિવર્સિટીઓમાની એક છે.

Research Review
ISSN: 2321-4708
RESEARCH REVIEW
The Academic Research Issue
Open Access, Peer-Reviewed & Refereed Journal
An International Multidisciplinary Journal
Vol.1, Issue: 152, April: 2025
Paper ID: RRJ207787
www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-1-issue-152-april-2025/RRJ207787

આ યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટ અને સંલગ્ન કોલેજોમાં યુજી અને પીજી લેવલે સંસ્કૃત મુખ્ય વિષય તરીકે ભણાવવામાં આવે છે. એમએસ યુનિવર્સિટીમાં astrology and vastu shastr નામે ડિપ્લોમા કોર્સ ચાલે છે અને spoken sanskrit નામનો કૉર્સ પણ શરૂ કરવામાં આવેલો. આ ઉપરાંત સંસ્કૃતનાં વિસ્તાર માટે અનેક પ્રવૃત્તિઓ, સંસ્કૃત સપ્તાહ, સંસ્કૃત દિવસની ઉજવણી અને સંસ્કૃત ભાષાને લાગતાં નેશનલ અને ઇન્ટનેશનલ સેમીનારોનું આયોજન કરવામાં આવતું હોય છે.

**શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી**

અતિ પછાત અને આદિવાસી લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધારવા આદિવાસી લોકો માટે લડનાર અને સ્વતંત્ર સેનાની એવા ગોવિંદ ગુરુના નામે પંચમહાલના ગોધરામાં આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. 2 વર્ષ અગાઉ જ યુનિવર્સિટીમાં સંસ્કૃત ડિપાર્ટમેન્ટ શરૂ કરવામાં આવ્યું. પછાત વિસ્તાર હોવા છતાં સંસ્કૃત ડિપાર્ટમેન્ટમાં માસ્ટરમાં એક પણ સીટ ખાલી રહી નથી. એનો અર્થ એ કે આ યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષાનું અધ્યયન ખૂબ સારા પ્રમાણમાં થઈ રહ્યું છે. કોરોના કાળ દરમિયાન આ યુનિવર્સિટી દ્વારા 120 જેટલા સંસ્કૃત ભાષાના ઓનલાઇન વ્યાખ્યાનો યોજાયા હતા. જેમાં ગુજરાત અને આખા દેશમાંથી તથા વિદેશમાંથી પણ વિદ્વાનોને વ્યાખ્યાતા તરીકે બોલાવાયા અને લાખોની સંખ્યામાં વિધાર્થીઓ અધ્યાપકો જોડાયા હતા. આ સિવાય સંસ્કૃત વિભાગના અધ્યાપકો અને છાત્રો દ્વારા દરરોજ સંસ્કૃત ક્વિઝનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સંસ્કૃત સપ્તાહ, સંસ્કૃતમાં વિવિધ પ્રવૃત્તિઓ, લોકો સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃત થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત હાલમાં સંસ્કૃત વિભાગ દ્વારા ઓનલાઈન માધ્યમમાં human values in shrimad bhagvad gita નામનો સર્ટિફિકેટ કૉર્સ પણ શરૂ કરવામાં આવ્યો છે. 2023માં સંસ્કૃત વિષયમાં સૌથી વધુ 28 વિદ્યાર્થીઓને PhDમાં એડમિશન મળેલ છે. આ પણ સંસ્કૃત સાહિત્યનો એક વિકાસ જ છે, જે યુનિવર્સિટી પછાત આદિવાસી વિસ્તારમાં હોવા છતાં સંસ્કૃત સાહિત્યના વિસ્તાર માટે અનેક પ્રયત્નો કરી રહી છે.

**ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ:**

ગુજરાતમાં વર્ષ 2020 – 21માં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાપના કરવામાં આવી. તેમાં 5 સભ્યોને નિયુક્ત કરવામાં આવ્યાં. આ બોર્ડ દ્વાર શાળાઓમાં સંસ્કૃત ગૌરવ પરીક્ષા લેવામાં આવે છે, સૌ કોઈ નાના મોટા સંસ્કૃત ભાષા, સંસ્કૃત સાહિત્યને જાણી શકે તે માટે સંસ્કૃત સંભાષણોના વર્ગોનું પણ આયોજન કરે છે. GCERT અને આ સંસ્કૃત બોર્ડના સહયોગથી સંસ્કૃતના શિક્ષકોને પણ તાલીમ આપવામાં આવી રહી છે. આ બોર્ડ પણ સંસ્કૃતનો વિસ્તાર અને જાગૃતિ લોકોમાં કરી રહ્યું છે.

**સંસ્કૃત ભારતી:**

ગુજરાતના અમદાવાદમાં સ્થિત સંસ્કૃત ભારતીનું કાર્યાલય આવેલું છે. આ સંસ્થા દ્વારા ગુજરાત ભરની શાળાઓ, મહાશાળાઓમાં સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કરે છે. વિધાર્થીઓ, શિક્ષકો, સમાન્ય લોકો બધાં જ ઓનલાઇન કે ઓફ્લાઇન માધ્યમે સંસ્કૃત ગૌરવ આપી શકે છે તથા એના માટે ઓનલાઈન ઓફ્લાઇન વર્ગોમાં જોડાઈ સંસ્કૃત સંભાષણ કરી શકે છે, શીખી શકે છે. આ ઉપરાંત લોકોમાં સંસ્કૃત ભાષા વિષે જાગૃકતા ફેલાય એ માટે અનેક પ્રવૃતિઓ, સંસ્કૃત સપ્તાહ, સંસ્કૃતનાં પુસ્તકો છાપવાનું, સંસ્કૃત કુટુંબ સન્માન વગેરે કાર્યો કરી રહી છે.

**ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂડ ઓફ બરોડા:**

૧૯૪૯માં એમએસ યુનિવર્સિટીની સ્થાપના પછી, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ યુનિવર્સિટીનો ઘટક ભાગ બન્યુ. સંસ્કૃત સાહિત્યમાં સંશોધનનું કાર્ય કરતી આ સંસ્થા બરોડામાં આવેલ છે. જ્યાં પાંડુલીપીઓ, તાડપત્રીઓ, ભૂર્જ પત્રો પર જે પ્રાચીન સંસ્કૃત સાહિત્ય રચરેલું છે તેના પર રિસર્ચનું, તેના પુનઃસંસ્કરણનું કાર્ય કરે છે.

ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ પાસે દુર્લભ, મહત્વપૂર્ણ, સચિત્ર હસ્તપ્રતો (30,299) અને મુદ્રિત પુસ્તકો (1,00,000)નો વિશાળ સંગ્રહ છે જેમાં ઘણી દુર્લભ જૂની આવૃત્તિઓ છે. તેની શરૂઆતથી, સંસ્થા વિવિધ વિષયો પર હસ્તપ્રતો અને પુસ્તકોથી સમૃદ્ધ છે, કેટલાક પુસ્તકો અને હસ્તપ્રતો અનન્ય છે, જે ભાગ્યે જ બીજે ક્યાંય જોવા મળે છે. ભારત અને વિદેશના ખૂણેખૂણેથી વિદ્વાનો આ

RESEARCH REVIEW
The Academic Research Issue
Open Access, Peer-Reviewed & Refereed Journal
An International Multidisciplinary Journal
ISSN: 2321-4708
Vol.1, Issue: 152, April: 2025
Paper ID: RRJ207787
www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-1-issue-152-april-2025/RRJ207787

સંસ્થાની મુલાકાત લે છે, તેમના સંશોધન-પ્રોજેક્ટો અથવા થીસીસ માટે હસ્તપ્રતો અને પુસ્તકોનો સંપર્ક કરે છે. સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ સંશોધન અને પ્રકાશન છે. સંસ્થા સામાન્ય રીતે ઓરિએન્ટલ સ્ટડીઝ અને ખાસ કરીને ઈન્ડોલોજી સંબંધિત તમામ વિષયો પર મહત્વપૂર્ણ અપ્રકાશિત કૃતિઓ પ્રકાશિત કરે છે.

**विश्वस्यवृतान्त: – સંસ્કૃત સમાચાર પત્ર**

દુનિયાનું એક માત્ર સંસ્કૃત સમાચાર પત્ર જે ગુજરાતના સુરતમાંથી બહાર પડે છે. જેને દાઉદી વ્હોરા સમાજના બે બંધુઓ દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. લુપ્તતા તરફ જઈ રહેલી સંસ્કૃત ભાષાને ધબકતી કરવા સુરતમાં સ્થિત આ વિશ્વસ્યવૃત્તાંત અખબારનું ઉમદા પ્રયાસ છે.

'ભારતી પ્રકાશન,સુરત' દ્વારા સંસ્કૃત ભાષાનો પ્રચાર અને વ્યાપ વધે અને સાથોસાથ નાના બાળકો-નવી પેઢી સંસ્કૃત ભાષાના ઐતિહાસિક વારસાથી અવગત થાય તે માટે ૨૬ એપ્રિલ, ૨૦૧૧થી સંસ્કૃત ભાષામાં નિયમિતપણે અખબાર પ્રસિદ્ધ કરે છે, ગુજરાત અને સુરત માટે ગૌરવપ્રદ વાત એ છે કે આ સંસ્થાના પ્રમુખશ્રી શ્રી પૈકી સંજેલીવાલા અને દૈનિકના મેનેજિંગ તંત્રીશ્રી મુર્તુઝા ખભાતવાલા હિંદુ-મુસ્લિમ એકતા માટે સેતુરૂપ બન્યા છે. આ અખબાર ભારતના ઘણાં શહેરોના સંસ્કૃતપ્રેમી વાંચકોના ઘર સુધી પહોંચે છે. તેમજ વિશ્વના કોઈ છેડે રહેતા સંસ્કૃતપ્રેમી વાચકો ડિજીટલ માધ્યમથી રસપૂર્વક વાંચે છે. આ અખબારના વાચકો ગુજરાત સહિત બિહાર, ઓરિસ્સા, એમ.પી., યુ.પી., કર્ણાટક, પંજાબ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, હિમાચલ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉતરાખંડ અને દિલ્હી સુધી પથરાયેલા છે. ડિજિટલરૂપે ઈ-પેપરના માધ્યમથી હજારો વાચકો નિયમિતરૂપે અખબારનું વાંચન કરે છે. વિદેશથી પણ વાચકો અખબાર સાથે જોડાયેલા છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત ઉપરોક્ત લેખમાં મે ગુજરાતની વિવિધ સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, રિસર્ચ સેન્ટરની માહિતી અલ્પ માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. આ સિવાય પણ અન્ય સંસ્થાઓ દ્વારા સંસ્કૃત ભાષાના પ્રચાર – પ્રસાર વર્તમાન સમયમાં થઈ રહ્યો છે. પરંતુ તેની પૂર્ણ માહિતી મારી પાસે ન હોવાથી રજૂ કરી શકી નથી. આપણા આ સમૃદ્ધ વારસાને આગળ ધપાવવા માટે કાર્યરત સંસ્થાઓ અને પ્રયત્નશીલ જનોને પણ નમન કરું. ભારતીય સંસ્કૃતિને સમજવા માટે સંસ્કૃત ભાષાની સમજણ અતિ આવશ્યક છે. તેના અભ્યાસ માટે આ બધી સંસ્થાઓનો પ્રયત્ન ધન્યવાદને પાત્ર છે. આપણે સૌ આ વિશેષ કાર્યમાં જોડાઈને સર્વ ભાષાની જનની સંસ્કૃત ભાષાના વિસ્તાર – પ્રચારને દૂર ક્ષિતિજો સુધી લઈ જઈએ તેવી અભ્યર્થના.

**સંદર્ભ ગ્રંથ**

1. શ્રી સોમનાથ સંસ્કૃત યુનવર્સિટીની વેસાઇટ પરથી
2. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
3. विश्वस्यवृतान्त: ના મેનેજિંગ તંત્રીશ્રી મુર્તુઝા ખંભાતવાલા પાસેથી પ્રાપ્ત માહિતી
4. www.sssu.ac.in.
5. https://msubaroda.ac.in/.
6. www.sggu.ac.in